

# ગુણાતીત જ્યોત






બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

વર્ષ ૫૧, અંક : ૭, તા.૨૧મી જુલાઈ, ૨૦૨૧, સંવત - ૨૦૭૭ અષાઢ સુદ - ૧૨, બુધવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



૨૦ ૭/૯૩

સ્વામિશ્રીજી

ગુણાતીત સ્વામીની જય
અક્ષરપુરુષોત્તમની જય

હે મહારાજ! હે સ્વામી!
હે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપો!
જે જે અતિ ગુણાતીત સ્વભાવના સંત
ઈ. ડાંડિયાવાળા દીદી તેમના ૧૧.૨૦.૨૬ વાગ્યે
ઓપરા સાહેબ ભળવા માટે જે જે પ્રસંગો
ગોઠવો. તે સ્વરૂપ શાંતિ અને આનંદથી
સ્વીકારે. ને તેઓપણ તમારા મૂર્તિનો
આશ્રય લે દેહભાવનાં પ્રારબ્ધ ભોગવવાના
પડે તે = પ્રાર્થના રૂપ રાખી ભજન
કર્યા કરે - સ્મરણપૂર્વક કરે તેથી તેમને
ક્લોરોફોર્મ મળતાં ઊંઘ અને શાંતિ રહે.
જેવું આયોજન નહીં.
ગુણાતીત દીકરી બધાની સાથે પંચામૃત
પ્રાર્થના જપવાનું ઘણું રહેશે ને
જાગૃતતા આપજો.

પપ્પા.




# ગુણાતીત જ્યોત

જાણરૂપ પદ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? - પપ્પા



### શ્રીજી રસામૃત :-

જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો. એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ રાખજ્યો ને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન-દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો.

(વચ.ગ.મ.૧૩)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :-

ભગવાનની મોટાઈ જેના અંતરમાં સમજાણી હોય તેને ગમે તેવા દેશકાળની અવળાઈ થાય અથવા દેહમાં ગમે એવો રોગ થઈ આવે ઈત્યાદિકમાં પણ એમ સમજે જે ભગવાનના કર્યા વિનાનું પાંદડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી, એમ સમજીને સુખી રહે; ને જે એમ ન સમજે તેને કોઈ પ્રકારનો દેશકાળ આવે તો સત્સંગ ચૂંથાઈ જાય.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૪મી વાત)



### દિવ્યામૃત :-

મનુષ્યભાવનો વિચાર આવે કે તરત જાળામાં બેઠેલો કરોળિયો જીવ, જંતુ તેમાં આવે તો કટ લઈને તેને પકડી લે છે તેમ મનુષ્યભાવ કે પતિવ્રતાપણું ભંગ કરાવે તેવા વિચાર ઉત્પન્ન થાય કે તરત તેને દાબે. જે-તે પ્રકારે તે દૂર કરીને જંપે તો એવા મુક્ત ધામરૂપ છતીંદેહે જ બની જાય.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| પ.પૂ.સોનાબાના પ્રાગટ્યદિને... | ૫ |
| સત્સંગ સમાચાર... | ૬ |
| પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા... | ૧૧ |
| રક્ષાબંધન આશિષપત્ર... | ૧૨-૧૩ |



# પપ્પાજીની પરાવાણી...


ભગવાન ભજવા એટલે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું. તે માટે કેવળ પ્રપત્તિયોગ રાખવો.

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું એટલે પ્રકૃતિપુરુષથી પર જવા કેવળ પ્રપત્તિયોગ બીજો કોઈ શ્રેષ્ઠ ઉપાય નથી. કેવળ પ્રપત્તિયોગ. તમે દિવ્ય છો. હું માયિક છું. એમ માની કોઈનું જોયા વગર થાય તે સેવા કરવી છે.

'બાપા ! હું તમારો ને તમે મારા.' એમ કહી હાક મારવી. હાક વાગશે એટલે સીધી ઉડશે નાત. પછી દ્રષ્ટા સ્થપાશે. ધામ, ધામી ને મુક્તોમાં નિર્દોષભાવ થશે. બુદ્ધિમાં આવો નિશ્ચય થઈ જાય એ નિર્વિકલ્પ નિશ્ચય થઈ ગયો. લોક, ભોગ ઉડ્યા પછી મનનું અમન કરવાનું શરૂ કરશે. શબ્દાતીત ભૂમિકા. પછી શબ્દો સારા-નરસા હશે પણ આકાશનો ભાગ છે તેમ માની આનંદ થશે. સુખી-દુઃખી નહીં થવાય. ભગવાનના ભક્તોને જોઈને આંખ હસી ઉઠશે. સંકલ્પ, ભાવ, ક્રિયામાં જ્યાં જ્યાં પ્રકૃતિપુરુષ સુધીમાં, વ્યક્તિ કે પદાર્થ કે માન્યતામાં માલ મનાયો હશે તે આગળ લાવી બાપા અંતર્દ્રષ્ટિ કરાવીને કાઢી નાખશે. ઠરાવ તોડશે. ખરું-ખોટું, ન્યાય-અન્યાય છે જ નહીં. એટલે કુરુક્ષેત્ર મંડાય ને એકાંતિકમાંથી જ છૂટા પડી જઈએ એમ વારે ઘડીએ થયા જ કરશે. અગર એના તરફ અભાવ કે મનુષ્યભાવ આવશે. પણ આ રાજીપાની નિશાની છે. એક આધારા બનાવી ભગવાનનો આધાર લેતા થવા આ બધું છે. બધાયે આવી ભૂમિકામાંથી પસાર થવાનું છે. એટલે ભજનના સહારે આ સ્ટેજમાંથી પસાર થઈ જવું છે.

છેવટે ફાઈનલ સ્ટેજ – આવે એમાં શું થાય તે તમને કહું ! પહેલા જીવતો હતો એમ જ જીવવું છે. એવું મનમાં થયા કરે, ક્યાં આવીને ફસાયા ? મરી જવું છે, જતાં રહેવું છે. તમારામાં, શાસ્ત્રમાં, મૂર્તિમાં કશાયમાં શ્રધ્ધા નથી. કાંઈ થવાનું નથી. આવા કેટલાય દાખલા છે. આ બ્રહ્મસુષુપ્તિનું સ્ટેજ છે. નિરાશા વ્યાપી જાય. કેવળ અંધકાર. કશુંય કરવું ગમે નહીં. આવા સમયે એક આધારા રહી સ્વામી સ્વામી કર્યા કરશો તો ટકી રહેવાશે. નહીંતર મૂંઝાઈ જવાય, અકળાઈ જવાય એટલે અમહિમાના કે મોળા વિચારના તાબે ના થવું.

તમને થશે કે આવું ક્યાં સુધી ચાલે ? તો આ તો આપણે ચલાવવું હોય ત્યાં સુધી ચાલે. જે'દિ તે'દિ કરવાનું તો છે તો કરી જ નાખવું જેથી પાર આવે. તેમ કરી મરણિયા થઈએ. શૂરવીર થઈને મંડીએ. હજી સુધી કોઈનું બગડ્યું નથી. માટે વિજય થવાનો જ છે. આપણી પાછળ બાપાનો પ્રકાશ છે. તેમાંથી દિવ્યભાવ ને આનંદનું ઝરણું ફૂટશે જ. જીવવા જેવું લાગશે. મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્ દિવ્યરૂપે પ્રગટશે. ને સત્સંગને મળતી ક્રિયા કરતાં થઈ જઈશું. પછી દરેક પ્રસંગમાં થશે કે બાપા જ કર્તાહર્તા છે. જે કરતા હશે તે સારા માટે જ કરતા હશે તેવું સહજ જીવન થઈ જશે. ભજનનો આશરો લઈ જે-તે પ્રકારે પ્રસંગમાંથી પસાર થઈ જઈએ. ને પ્રભુનું સુખ અખંડ અનુભવ્યા કરીએ એ જ પ્રાર્થના. (તા.૨૭.૪.૧૯૭૪)



# બ્ર.સ્વ.સોનાબાના પ્રાગટ્યદિને...

'માતા' બનવું એટલે એક પૂર્ણ સમર્પણયોગ ધારણ કરવો. સ્વયંની ઈચ્છા, આશા, અપેક્ષાથી પર રહે તો સમીપમાં આવનાર સૌ કોઈની ઉમ્મીદ પાર પાડી શકાય. આવું સાચું માતૃત્ત્વ ખીલવીને આધ્યાત્મિક જનની બનીને ચૈતન્ય માત બનેલાં સોનાબાનું શ્રાવણ સુદ બીજના દિને પ્રાગટ્ય થયું.

સોનાબાનાં માતૃત્વનો આધાર આત્મનિષ્ઠા અને દ્રઢ ઉપાસના હતી. શ્રી શાસ્ત્રીજીમહારાજ એ જ મારા શ્રીજી મહારાજ ! અને એ જ મારા સર્વાધાર. શાસ્ત્રીજીમહારાજ શૂરવીર અને તેજોમય ઉજ્જવલ અક્ષરમૂર્તિ. અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના વિશ્વમાં પ્રસરાવવા માટે તેમણે અજોડ તપસ્યા કરી અને સોનાબાના ચૈતન્યને સંકલ્પ ને જતનથી પૂર્ણ માહાત્મ્યના ભાવથી હર્યું ભર્યું કર્યું. જેના ફળસ્વરૂપે સોનાબારૂપી ચૈતન્ય જનની અક્ષરપુરુષોત્તમ સત્સંગના ઉત્થાનના પાયામાં સમગ્ર શક્તિથી યાહોમ કરીને કુરબાન થઈ ગયાં.

શ્રી શાસ્ત્રીજીના મંદિરો બાંધવાના અનોખા નિર્ધારમાં તન, મન, ધન, કુટુંબ પરિવારથી પૂર્ણ સમર્પિત થયાં. શ્રી યોગીજીના ચૈતન્ય મંદિરો ઘડવાના અલૌકિક કાર્યમાં એક હિમાલય સમ સ્થિર, સ્નેહ સાગર સમ વિશાળ, ધરા સમ સહનશીલ બનીને તેમણે બહેનો, સંતો, યુવકો, ગૃહસ્થોને તૈયાર કર્યા પોતાની જેમ જ હોમાવા.

શ્રી યોગીજી સર્વોપરી છે અને તેની હા એ હા અને તેમની ના એ ના કરવામાં જ જીવનની ધન્યતા છે તેવો દ્રઢ ઠરાવ લઈને 'મારા સ્વામીના તે સૌ મારાં' એવી જીવનભાવના ધારીને પૂર્ણ ચૈતન્ય શક્તિથી કાર્યાન્વિત થયાં. જેના ફળ સ્વરૂપે આજે બૃહદ ગુણાતીત સમાજ અને અક્ષરપુરુષોત્તમ સંસ્થા આધ્યાત્મિક સમતામાં રહીને ખૂબ પ્રગતિ કરી રહ્યા છે.

સૌના યોગક્ષેમ માટે પોતાની પ્રાર્થનાથી શક્તિ પૂરીને એક જબરજસ્ત હામ સૌને આપી છે. એવાં સોનાબા એટલે...

★ શ્રીજી તણી સ્નેહલ સિતાર, જેના એક એક સૂર થકી અપૂર્વ નેહનાદ પ્રસરતાં.

★ શ્રીજી વાણીનું દિવ્ય વેદગાન, જેના એક એક શબ્દમાં સમર્પણના પડઘા ઉઠતા.

★ શ્રીજીનાં વચ.ગ.છે.૨૬નું સંકલ્પસ્વરૂપ, જેની એક એક પળમાં ગુણાતીતભાવનાનો સૌને અનુભવ થતો.

★ શ્રીજીની અલમસ્તાઈનું સ્વરૂપ, જેની એક એક ક્રિયામાં અલગારિતા નિરંતર ટપકતી.

★ શ્રીજી મહાસાગરનું અમૂલ્ય મૌક્તિક, જેનાં એક એક આશીર્દાનમાં પરમ મુક્તિનું દાન.

એવાં સોનાબાના પ્રાગટ્યદિને પ્રાર્થીએ કે, આધ્યાત્મિક માતૃત્ત્વ ધારણ કરવાની સૌ સાધકોને શક્તિ આપો. કોઈનાય દોષ ન જોવાય, છતાંયે જો દેખાય તો તમારી પ્રાર્થનાથી પીગાળી સર્વ કોઈને અક્ષરધામના સુખનો અનુભવ કરાવતા રહેજો. ઊંડાણભરી પ્રાર્થનાથી પથ્થર પણ પીગળે, ન જીતાય તેવા દેહભાવ, અહંભાવ ટળે તેવી અઢળક શ્રધ્ધા અમ સૌમાં ભરી દેજો.

## સત્સંગ સમાચાર

## 'ભક્તિયજ્ઞ'ની પૂર્ણાહુતિ...



આપણા સૌનાં નસીબનો દિન એટલે જૂનની ૧લી તારીખ. જ્યારે આપણો આધ્યાત્મિક જન્મ થયો. પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની દિવ્ય ઉજવણી અર્થે આપણે જૂન મહિનામાં ૧૦ નિયમો લીધાં હતાં એનો પ્રારંભ ભવ્ય રીતે યજમાન ગુરુઓ દ્વારા કરેલો. અને જેણે જેણે નિયમ ધારણ કરેલા તે સર્વ સાધકોએ તા.૨૭.૬.૨૦૨૧ના સમૂહમા મહાપૂજા કરી. જેમાં પ.પૂ.દીદીએ સંકલ્પ કરાવ્યો –



તા.૨૭.૬.૨૦૨૧, રવિવાર
સં.૨૦૭૭, જેઠ વદ-૭

હે મહારાજ ! હે સ્વામી ! હે પપ્પાજી ! હે કાકાજી ! હે બા! હે બેન !

આપને સર્વ સમર્પણના ભાવે જય સ્વામિનારાયણ.

આપે ઈ.સ.૧૮૩૦ની ૧લી જૂને આપના માનવતનને ત્યજી દીધું. આપે ઈ.સ.૧૯૫૨ની ૧લી જૂને ગુરુહરિ પપ્પાજી મહારાજમાં અખંડ નિવાસ કર્યો. ગુણાતીત જ્યોતનો સ્થાપનાદિન અને જ્યોતના બહેનોનો વ્રતધારણ દિન ૧૯૬૬ની ૧લી જૂને જ આપે કૃપા કરીને રખાવ્યો, વળી કાકાજી મહારાજનું પ્રાગટ્ય પણ જૂન માસમાં જ છે.

આવા પવિત્ર જૂન માસમાં આરંભેલા ભક્તિયજ્ઞની આજે પૂર્ણાહુતિ કરીએ છીએ. તેમાં અમે ગ્રહણ કરેલા દસ નિયમનું આજીવન પાલન કરી આપનું ઋણ અદા કરવા વ્રતપાલનની વફાદારીરૂપી યજ્ઞવેદીમાં અહંનું શ્રીફળ હોમી એની ધુમ્રસેર પતિવ્રતાપણાના સમીરની સંગે ચિદાકાશમાં બિરાજેલા આપના પવિત્ર ચરણોમાં સમાઈ જશે જેથી અહંનું ત્વમ્ આપ કરી આપવાની કૃપા કરશો ને અમને ભક્તિમય જીવન જીવવાની સૂઝ, સમજ, શક્તિ ને સફળતા તમે પ્રદાન કરશો.

તો હે નાથ ! અમ પર સદા પ્રસન્ન રહેવાનો અનુગ્રહ કરશોજી.








ત્યાર બાદ સ્વામિનારાયણ મહામંત્ર લખેલા તે મંત્રની કુમકુમ ચંદનથી અર્ચા કરી પ્રાર્થના-સંકલ્પથી મહાપૂજા પૂર્ણ કરી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દીદી અને પ.પૂ.દેવીબેનના આશિષ લીધાં.



★ તા.૩૦.૬.૨૦૨૧ના સવારની સભામાં જે રીતે નિયમધારણ કરવા યજમાન ગુરુઓએ પ્રારંભ કરાવ્યો



તે જ રીતે જૂન મહિનાના નિયમો માટેની પૂર્ણાહુતિ પણ યજમાન ગુરુઓ દ્વારા વિધિસર થઈ. જેમાં સભાના અંતમાં પૂ.પદુબેન તથા ગુરુહરિ પપ્પાજીના આશિષ લીધા.

આખો મહિનો આ નિયમોનું પાલન સર્વ સાધક સમૂહે તો વિશેષ પ્રાર્થનાસહ કર્યું જે આજીવન કરી જ રહ્યા છે ને કરવાના છે. પણ આ અવસરનો ભાવ અનેરો હતો.

હરિભક્તોએ જેને જેને આ સમાચાર મળ્યા તેઓએ પણ પર્સનલી આ નિયમોના પાલનનો દિવ્ય આનંદ માણ્યો.

હે મહારાજ ! આપની મૂર્તિની સ્મૃતિ અને વચનસ્મૃતિની મોજ ઓરડા ગાનમાં માણી આપની મંત્રમૂર્તિ શ્રધ્ધાએ માણી આપના ધામસ્વરૂપની સ્વામીની વાતુનો સમાગમ કર્યો અને પ્રત્યક્ષ પ્રભુ પપ્પાજીના સાંનિધ્યમાં માણેલા કીર્તનગાન, સ્વાધ્યાય, પ્રદક્ષિણા અને ધૂન કરી સ્મૃતિઓ તાજી કરી. પંચાંગે પ્રણામ કરતા હૃદય, મન સ્મૃતિમાં રહી ચરણવંદના કરી મહાપૂજા અને મુક્તોની નામાવલિના રટણથી સુહૃદપ્રાર્થના સહ સંબંધના માહાત્મ્યની મોજ માણી. તો અમારી હાં હાં ગડથલ જોઈ અમને તમારા અભિપ્રાયની ભક્તિમાં ભેળવી પરમ સુખિયા કરજો. એ જ પ્રાર્થના.



## તા.૧૨.૦૭.૨૦૨૧ : રક્ષાપ્રસાદીની મહાપૂજા...



શ્રીજી મહારાજની મરજીએ વૈશ્વિક મહામારીમાં બહેનોએ બનાવેલ રાખડીઓ ગયે વર્ષે સૌને મોકલાવી ન શકાઈ પણ આપણે ઓનલાઈન રક્ષાબંધનના પર્વે એ સ્મૃતિ સહ રક્ષા ગ્રહણ કરી.

આ વર્ષે હરિભક્તોના માહાત્મ્યના ભાવને વશ થઈ સ્વરૂપોએ નક્કી કર્યું કે આપણે દેશના હરિભક્તોને આ વખતે રાખડી મોકલીએ. તેથી તા.૧૨.૭.૨૦૨૧ રથયાત્રાના શુભ દિને પપ્પાજી હૉલમાં સ્વરૂપોના સાંનિધ્યે, પૂ.શારદાબેન ડઢાણિયાએ વિધિસર મહાપૂજા, સંકલ્પ, ધૂન, આશિષપત્ર વાંચન કરી સ્વરૂપોની પ્રસન્નતા લીધી. રક્ષાપર્વની સ્મૃતિમાં ગુરુહરિ પપ્પાજીને ૧૦૫મા પ્રાગટ્યની રક્ષાસૌરભ પ્રસારતો હાર અર્પણ કર્યો ને પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન,





પ.પૂ.જસુબેનને અનુક્રમે ૧ – ૦ – ૫નો રક્ષાગુચ્છ અર્પણ કરી સૌ હરિભક્તો અને બહેનો, ભાઈઓનો રાજીપો મેળવ્યો અને દરેક બહેનોએ આ રાખડીઓ બનાવવાની સેવાભક્તિ કરી ગુરુહરિ પપ્પાજીની પ્રસન્નતા મેળવવા હાં હાં ગડથલ કરી છે. તો આપ સૌ રાજી રહેજો. ફરી ફરી હાલતાચાલતા પ્રાર્થના વહી જ રહી છે કે યથાસમયે આપને આ રાખડીઓ મળી જ જાય. ને પ્રભુ સર્વે પ્રકારે રક્ષા કર્યા જ કરે.

મહાપૂજા બાદ ગુરુહરિ પપ્પાજી અને સ્વરૂપોના આશિષ મળ્યા તે સ્મૃતિસાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણે માયા ને મહામાયામાં જીવવાનું છે. ૯૯.૯૯% લોકો વિષયાનંદી હોય. વિષય કેમ કરીને પ્રાપ્ત કરવા? એમાં રાચતા હોય. એમાં ભજનાનંદી થોડાક જ. રક્ષાબંધન હોય ત્યારે અમે કપોળવાડીમાં જઈએ. રક્ષા ઘરેથી લઈ જઈએ ને બાપા પાસે બંધાવીએ કે બાપા અમારી રક્ષા કરજો. માયા મહામાયામાં જીવવાનું છે. એ અમને લય ન કરી જાય. સ્વધર્મ ચૂકાવી ન દે. કોઈનો અભાવ લેવડાવે નહીં. તમારે વિશે સદાય નિર્દોષબુદ્ધિ રખાવે. તમારા સંબંધવાળાને માથાના મુગટ માનીએ. વ્યાપકમાં તમને જોતા થઈ જઈએ. એવું યથાર્થ માહાત્મ્ય તમારું



આ બધું ગોઠવે છે ભગવાન. કોક પથરો આડો આવતો હોય તો જરીક નડે પણ ચિંતા ન કરવી. ધીમે ધીમે ઓગાળશે. એટલે એવો પ્રાપ્તિનો કેફ રાખીએ. અહીં આવી પડ્યા ને, જ્યોતનો સંબંધ થઈ ગયો ને ! હવે એની બધી જવાબદારી થઈ ગઈ. Hows & whys ના કરવું. કેવા મોટા મળ્યા છે ! કોઈનું પૂરું કર્યા વગર છોડવાના નથી. કોઈ આજે કોઈ કાલે તારું સ્વરૂપ થશે. ઓટોમેટિકલી બધું ગોઠવાતું જશે. એ માહાત્મ્ય સમજાઈ જાય. એવી જાતની કૃપા કરો જેથી કોઈ માન્યતા, ગ્રંથિ, સ્વ એ આડું ન આવે. એનાથી રક્ષા કરો. લૌકિકતામાંથી આધ્યાત્મિકતામાં લઈ જાય.



તમે બધા ભગવાન ભજો જ છો. ભગવાનના થઈને જીવો છો. ભગવાને અર્થે નીકળ્યા છો. એના આશરે પડ્યા છો. ગુણાતીત સ્વરૂપો, સદ્‌ગુરુઓ મળ્યા. અખંડ એનું મનન ચિંતન એની આજ્ઞા, એની પ્રસન્નતાર્થે જીવીએ છીએ. તેથી અન્વય તંત્રમાં રક્ષા મહારાજ કરી દે. એક હોય તો હમજ્યા. આ તો ૫૧ ભૂત, ૫૧ કેન્દ્રો, કેટલા સ્વભાવ એ બધાયમાં આ નિષ્ઠા કરવાની. એટલે કોક સ્વ આડું આવે. જે વ્યાપકમાં જોવા ન દે. વચ.ગ.પ્ર.૬૨ જેવું માહાત્મ્ય સમજાઈ જાય. જ્યાં જુવે ત્યાં રામજી. કર્તાહર્તા મનાઈ જાય. આપણને બધાયને પ્રભુ લઈ આવ્યા છે. આપણે જાણતા નથી એટલે. પ્રપત્તિયોગ આપ્યો છે. એ જ આપણી રક્ષા કરે છે, હાચવે છે, આગળ લે છે, દેહભાવ દેખાડે છે, ટાળે છે, અંતર્દષ્ટિ કરાવે છે, માહાત્મ્યેયુક્ત સેવા કરાવે છે. પ્રત્યક્ષનું સમજાઈ જાય ને બ્રહ્માનંદ કર્યા કરીએ. ગમે તેવો પ્રસંગ આવે તેને સ્મિતથી આવકારીએ. તરત જ મહારાજ તરફ દ્રષ્ટિ જતી રહે. તો બીજો કોક કર્તાહર્તા નહીં મનાય. એ જે દ્રષ્ટિથી નથી જોવા દેતું તે કોક આપણું સ્વ છે. તેનાથી રક્ષા કરે ને સહજ સવળી બુદ્ધિ કરી આપે. જેથી ભગવાન તરફ દ્રષ્ટિ જાય ને સ્મિતથી આવકારીએ. પછી ભગવાનની જે ભક્તિ હોય તે કર્યા કરીએ. તો કોઈ આકારે બંધાશે નહીં. બ્રહ્માનંદનું સુખ આવે ને મહારાજની લીલા દેખાતી થઈ જાય. કર્તાહર્તા મહારાજને માનીશું એટલે તરત જ થઈ જશે. તો અખંડ બ્રહ્માનંદી મસ્તીમાં બધાંને રહેતા કરી દે એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** આપણે કેટલા નસીબદાર ! શ્રીજી મહારાજ, શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજ અને એનું એ સ્વરૂપ મળી ગયું. હરેક ટાણે જો માનીએ કે આ બધું કોણ કરી રહ્યું છે ? કોઈનાય સ્વભાવ, પ્રકૃતિ જોયા વગર એ પ્રગતિ કરતું ચૈતન્ય મનાઈ જાય તો આનંદના ફુવારા છૂટી જાય.



સૌથી પહેલા બા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેને પપ્પાજીને ઓળખાવ્યા. આ પપ્પાજી મળ્યા એ પૂર્ણાહુતિ. જો નારાયણ માનીએ તો આપણી પાસે ભૂલ કબૂલ કરાવે ને આપણે પ્રાર્થના કરીએ કે આ ટાળો. દાસના દાસ બનીએ તો આનંદના ફુવારા ઉડે. મારા સંબંધવાળા – એનું ખૂંચ્યું ? બધાંને જોઈને આનંદ થાય. જેના સ્વભાવ-પ્રકૃતિ ન ગમતા હોય તેને હૈયાનો હાર માનો. તમારે કાંઈ નથી કરવાનું. રૂપાંતર તો એ કરી આપવાના છે.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ઓહોહો કેટલી બધી રક્ષા ! કેવા માહાત્મ્યથી બનાવી ! આજે મહાપૂજા કરી. બધામાં પપ્પાજીએ રક્ષાની આણ મૂકી છે. આપણી આપણાથી રક્ષા કરવાની છે. આપણે શેની રક્ષા જોઈએ છે? મારા હઠ, માન, ઈર્ષાથી, મારાથી રક્ષા જોઈએ છે. ચિંતવન પ્રારબ્ધ ઉભું કરે છે. તેનાથી રક્ષા કરજો. વફાદારી શરૂઆતથી અંત સુધી જોઈએ. હું ગમે તેવી હોઉં પણ મારા પ્રભુનો મારા પરનો વિશ્વાસ હોવો જોઈએ.



૨૪ કલાક પ્રાપ્તિનો કેફ રાખવો. તેનો દેખાડો ન હોય. અનુભવ જ હોય. કોઈનાય અભાવનો વિચાર ન હોય તે પ્રાપ્તિનો કેફ. બધા પોતાના અંગ પ્રમાણે વફાદારીપૂર્વક ભક્તિ કરે. આપણે સીન્સીયર છીએ ? કોઈનાય ઘસારાનો વિચાર આવે તે પણ સીન્સીયારીટીમાં ખામી કહેવાય. જાગ્રત રહેવું છે કે મારે પૂરું કરી લેવું છે. બધાના અંગ, રીત જુદા હોય આવડત ને હોંશિયારી જુદા હોય. આપણે તો બ્રહ્મરૂપ થઈશું તેમ સંકલ્પમાં તાકાત આવશે. ક્યારેય હુંહાટો ન થાય તેવી રક્ષા કરજો. પપ્પાજીને અંતર્યામી માનીને જીવવું. વિચાર, વાણી, વર્તન, સંકલ્પ, ભાવ ને ક્રિયા પપ્પાજી રાજી થાય તેવા થાય તેવી રક્ષા કરવી છે.

મોટું વચન એ છે કે સામે આવનારને જીવનમુક્ત માનો. જે પાળ્યા વગર છૂટકો નથી. એટલે દિવ્ય માનવા. ન મનાય ત્યાં ભજન ને પ્રાર્થના. દુઃખી નહીં થવાનું. કંઈપણ બને એમાં પોતાનો દોષ જોવો. બીજાનો દોષ જોઈએ એટલે ટાણે સૂઝ નથી પડતી. રાત-દિવસ મને ખ્યાલ રહે કે હું તમારી છું. વફાદારી સ્હેજ પણ ન ચૂકાય તેવી કૃપા કરજો. હે પપ્પાજી! તમે આ રાખડીમાં દૈવત પૂર્યા જ કરજો. તમારા બધાની તમે રક્ષા કરજો. અમારા સૌના તમને પંચાંગે પ્રણામ છે પ્રભુ !

આશીર્દાન બાદ સ્વરૂપોએ સમગ્ર સમાજ માટેની રક્ષાઓને ગુરુહરિ પપ્પાજી મહારાજની પ્રસાદીની રક્ષાથી દૈવત અર્પ્યુ અને સર્વની રક્ષા થાય તેવા ભાવો સાથે મહાપૂજાનું સમાપન થયું.








## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ લંડન નિવાસી નિષ્ઠાવાન પૂ.જયંતીભાઈ ઠક્કર (પૂ.મીરાબેનના પિતાશ્રી) તા.૨૪.૦૬.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.

પૂ.જયંતીભાઈ લુહાણા જ્ઞાતિના. બ્ર.સ્વ. યોગીજીમહારાજ તેઓના મામા થાય. એ સંબંધે નાનપણમાં તેઓએ યોગીજીમહારાજના દર્શન સેવાનો ખૂબ લાભ લીધો હતો. તેઓ ચુસ્ત વૈષ્ણવ. શ્રીનાથજી ભગવાનની ભક્તિ. તેથી તેમને માટે સ્વામિનારાયણ ધર્મ અપનાવવો ખૂબ અઘરો હતો. પણ ભગવાને તેમના દીકરી મીરાબેનને આ સત્સંગનો જોગ આપ્યો. તેમને ગુરુહરિ પપ્પાજી, દિવ્ય બેનની જીવમાં દ્રઢ નિષ્ઠા થઈ. તેથી પપ્પાજી, બેન, સ્વરૂપો, બહેનોની પધરામણી તેના ઘરે અવારનવાર થતી રહી ને ભગવાને તેમને એના એ જ યોગી સ્વરૂપ પપ્પાજીના જોગમાં મૂકી દીધાં.



ગુરુહરિ પપ્પાજી સાથેનો તેમનો સંબંધ પણ અનેરો. તેમનું નામ જયંતીભાઈ પોપટલાલ (જે.પી.) એટલે પપ્પાજી તેમને 'જસ્ટીસ ઑફ પીસ' ના નામે સંબોધતા. એટલું જ નહીં પરંતુ પ.પૂ.બેનને પોતાની દિવ્ય બેન બનાવી તેમની સાથે દિવ્ય નાતે જોડાયા.

લંડનમાં જ્યારે પપ્પાજીને વેલિંગ્ટન હૉસ્પિટલમાં એડમીટ કર્યા હતા ત્યારે સેવકોને પોતાના ઘરમાં ઉતારો આપી ટિફીનની સેવાથી માંડી બધી જ સેવા અહોહોભાવે ઉપાડી લીધી. મૂક સેવક બની સંતો, ભક્તોની સેવા જીવનપર્યંત કરી.

છેલ્લે કોરોના કાળમાં ઓનલાઈન બધી જ સભા-સમૈયાનો લાભ લીધો. ઘરસભા કરી પુસ્તકોનું પારાયણ કર્યું. ને પપ્પાજી આકારે વૃત્તિ થઈ જતાં તેમને અંતરમાં એક ખાત્રી થઈ ગઈ કે, મેં પપ્પાજીને મૂક્યા નથી તો એ પણ મને મૂકશે નહીં મને અક્ષરધામમાં જ લઈ જશે. ને ભગવાને અંતરમાં સંદેશો આપી દીધો કે હું તને લેવા આવ્યો છું. તો ઘરના બધાં જ સભ્યોની રજા લઈ, કોઈનીય સેવા લીધા વગર ૯૪ વર્ષની ઉંમરે પ્રભુચરણે બિરાજી ગયા. એવા મુક્તરાજ પૂ.જયંતીભાઈને અમ સૌના કોટિ કોટિ વંદન.

જયંતીભાઈ જ્યાં હોય ત્યાં તેમની આત્માની પ્રગતિ થતી રહે ને તેમના સમગ્ર પરિવારને તેમની ખોટ જીરવવાનું બળ મળે સાક્ષાત્ સ્વામીશ્રીજી, ગુરુહરિ પપ્પાજી, દિવ્ય બેન તથા સૌ સ્વરૂપોના પુનિત ચરણોમાં પ્રાર્થના.

**વિશેષ નોંધ : નીચે પ્રમાણેના ઉત્સવોનો લાઈવ દર્શન દ્વારા લાભ લઈ શકાશે. જેની લીંક નજીકના દિવસોમાં આપને પ્રાપ્ત થઈ જશે.**

- તા.૨૩.૭.૨૦૨૧ના ગુરુપૂર્ણિમા
- તા.૮.૮.૨૦૨૧ના પ.પૂ.સોનાબાનો પ્રાગટ્યદિન
- તા.૨૨.૮.૨૦૨૧ના
  પ.પૂ.દીદીના 'ગુણાતીત ગરિમાપર્વ'ની સભા

### નિર્ણય

★ ગુરુપૂર્ણિમા :
અષાઢ સુદ - ૧૪, શુક્રવાર, તા.૨૩.૭.૨૦૨૧

★ એકાદશી :
અષાઢ વદ-૧૧, બુધવાર, તા.૪.૮.૨૦૨૧

★ મહાપૂજા સ્મૃતિદિન :
રવિવાર, તા.૮.૮.૨૦૨૧

★ પ.પૂ.સોનાબાની પ્રાગટ્યતિથિ :
શ્રાવણ સુદ - ૨, મંગળવાર, તા.૧૦.૮.૨૦૨૧

★ અ.મ.મુ. ગુરુ કૃષ્ણજી અદા જયંતી :
શ્રાવણ સુદ - ૫, શુક્રવાર, તા.૧૩.૮.૨૦૨૧

★ પ.પૂ.જ્યોતિબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
રવિવાર, તા.૧૫.૮.૨૦૨૧

★ એકાદશી :
શ્રાવણ સુદ-૧૧, બુધવાર, તા.૧૮.૮.૨૦૨૧

★ રક્ષાબંધન :
શ્રાવણ સુદ - ૧૫, રવિવાર, તા.૨૨.૮.૨૦૨૧

।। स्वामिश्रीजी ।।
।। जय पप्पाजी ।।

श्रावणी पूर्णिमा, रक्षाबंधन २०७७
दि. २२.८.२०२१

प्रभु प्रत्यक्ष के प्रिय अक्षरमुक्तो !

रक्षाबंधन के पुण्य अवसर पर सब आत्मीय स्वजनों को प्रेम – प्रार्थना सह प्रणाम !

अंतर से सुहृदभाव भरे जपयज्ञ सहित जय स्वामिनारायण ।

गुणातीतभाव मतलब सत्व, रजस्, तमस् गुणो से परे, फिर भी उन गुणो को ग्रहण करके, अनंत चैतन्यों के स्पंदनो को ग्रहण कर, आध्यात्मिक मावतर बनकर सुहृद सिंधु की तरह, संपूर्ण मूर्तिमें लयलीन रहकर, सबको शक्ति, बुद्धि और प्रेरणा देना । वर्तमान की वैश्विक महामारी में भक्तो के संग आत्मीयता, एकात्मभाव, मृदुता और दिव्य प्रेमलता फैलाते हुए, गुणातीत ज्योत के सर्व संत स्वरुपोने यह राखी गूंथी है। महापूजा में पूजन करके उसे बहुत दैवत प्रदान किया है। तन, मन, धन और आत्मा के त्रिविध ताप के देशकाल में समग्र विश्व में निरामयता और गुणातीत समाज में श्रद्धा, भक्ति का प्रसार हो, चेतना में हकारात्मक विचारधारा, दृढता, शूरवीरता और माहात्म्य का महासागर प्रगट रहे, ऐसी अंतरमन, हृदय से प्रार्थना के साथ ये राखी आप सबको भेजी है तो भाव से स्वीकार करना जी ।

दीदी, देवीबेन, सदगुरु स्वरुपो
एवं सर्व संत बहेनो के जय श्री स्वामिनारायण !

---

**Swami Shreeji**
**Jay Pappaji**

**Shravani Poonam, Raxabandhan 2077**
**22.8.2021**

**Forever Divine Dear Aspirants of Extant Deity ! Jai Swanminarayan !**


**Greetings on this auspicious, pious day of Rakshabandhan with continuous chanting of 'Swaminarayan mantra' with heartfelt prayers and love.**

**Our Gunatit Guru lives in Gunatitbhav which is beyond the prevalence of three main depravities (satva, rajas and tamas), even though they receive our fervent emotions, thoughts, fears and anxieties, they become our spiritual parents and guardians with silent prayers for us to give us strength, fortitude and wisdom to overcome this state of adverse calamities, insecurity amidst the present worldwide pandemic.**

**Attached herewith divine Rakhi especially woven by saintly sisters, blessed with divine mahapuja and instilled with the power to protect us from any bad eventuality and give us strong faith to overcome negativity and depression. With well-being of our health, wealth, peace and happiness in all directions of life.**

**Please accept this ingenuous Rakhi with genuine feeling of warmth and conjuration.**

**With Earnest Jai Shree Swaminarayan**
**Didi, Deviben and Saintly Sisters.**




||સ્વામિશ્રીજી ||

|| જય પપ્પાજી ||

શ્રાવણી પૂનમ, રક્ષાબંધન ૨૦૭૭
તા.૨૨.૮.૨૦૨૧

પ્રભુ પ્રત્યક્ષના વહાલા અક્ષરમુક્તો !

રક્ષાબંધનની પુણ્ય પર્વણીએ સર્વે આત્મીય સ્વજનોને પ્રેમ-પ્રાર્થના સહ પ્રણામ !

અંતરથી સુહૃદભાવભર્યા જપયજ્ઞ સહ જય સ્વામિનારાયણ.

ગુણાતીતભાવ એટલે સત્ત્વ, રજસ્, તમસ્ ગુણોથી પર છતાં પણ તે ગુણોને ગ્રહણ કરી, અનંત ચૈતન્યોનાં સ્પંદનો ઝીલી, આધ્યાત્મિક માવતર બની સુહૃદ સિંધુરૂપે, સંપૂર્ણ મૂર્તિમાં લયલીન રહીને, સૌને બળ, બુદ્ધિ ને પ્રેરણા અર્પવી. અત્યારની વૈશ્વિક મહામારીમાં ભક્તો સંગે આત્મીયતા, એકાત્મભાવ, ઋજુતા અને દિવ્ય પ્રેમલતા પ્રસારતા રહી, ગુણાતીત જ્યોતના સર્વ સંત સ્વરૂપોએ આ રાખડી ગૂંથી છે. મહાપૂજામાં પૂજીને, એને અનંતગણું દૈવત અર્પ્યું છે ! તન, મન, ધન અને આત્માના ત્રિવિધ તાપના દેશકાળમાં સમગ્ર વિશ્વમાં નિરામયતા અને ગુણાતીત સમાજમાં શ્રદ્ધા, ભક્તિનો પ્રસાર થાય, ચેતનામાં સવળી વિચારધારા, દ્રઢતા, શૂરવીરતા અને માહાત્મ્યનો મહાસાગર પ્રગટી રહે તેવી આંતરમન, હૃદયની પ્રાર્થના સાથે આ રાખડી આપ સૌને મોકલી છે તો ભાવથી ગ્રહણ કરશોજી.

એ જ દીદી, દેવીબેન, સદ્‌ગુરુ સ્વરૂપો તથા સર્વ બહેનોના
જય શ્રી સ્વામિનારાયણ.

**વિશેષ નોંધ :**

૨૦૨૦માં કોરોના મહામારીના કારણે રાખડી મોકલી શક્યા ન હતા. આ વર્ષે સ્વરૂપોએ હરિભક્તોની પ્રાર્થના સ્વીકારી રાખડી તૈયાર કરાવી, મહાપૂજામાં પ્રસાદીની કરાવી છે. ટૂંક સમયમાં પોષ્ટ દ્વારા, સ્થાનિક મંડળો દ્વારા આપણા ઘર મંદિરે રક્ષા અને રક્ષાપત્ર આવશે. તો ગુરુહરિ અને ગુરને સંભારીને ધારણ કરશોજી.

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120







તા.૧૨.૭.૨૦૨૧ : રક્ષાપ્રસાદીની મહાપૂજામાં રક્ષાને દૈવત અર્પતા સ્વરૂપો...

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India